## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**આમ તો ધુમ્મસમાં ચાલવા જવાથી તબીયત તો સુધરી, પણ થાંભલા ન દેખાવાનાં કારણે માથામાં એક-બે ઢીંમડા થઈ ગયા છે...**

# ચિલોડા પંથકમાં ગાઢ ધુમ્મસ છવાયું





ચિલોડા, તા. ૨૧

ભર શિયાળાની મોસમમાં ચોમાસાના વાદળો છવાતાં ગુરૂવારે વહેલી સવારે ગાઢ વરસાદી વાદળોના આગમનથી વાતાવરણમાં અચાનક પલટો આવતાં ખેડૂતો-પશુપાલકો, લગ્ન ઈચ્છુકો, ખેતીના પાકો, વાહનચાલકોમાં ભારે ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ત્યારે વહેલી સવારે ૬.૩૦ વાગે આકાશમાંથી ગાઢ ધુમ્મસનું કાશ્મીરી વાતાવરણથી માત્ર દસ ફૂટ જેટલા અંતરેથી કોઈ દશ્યો જોઈ શકાતા નહોતા. ધુમ્મસથી સફેદમય ઠંડા ફરફીલા હવામાનમાં સમગ્ર ગામ કે વિસ્તારના મકાનો અદશ્યમાન બન્યા હતા. જાહેર રસ્તા પરથી પસાર થતાં વાહનચાલકોની લાઈટો ચાલુ કરવાની ફરજ પડી હતી તેમ છતાં માત્ર દસ ફૂટ અંતર સુધીના વાહનો દેખી શકાતાં અકસ્માતોની દહેશત વચ્ચે વાહન ચલાવવું ખૂબ કઠિન બન્યુ હતુ. પશુપાલકો ડેરીમાં દૂધ ભરવા બાઈકની લાઈટ સાથે બીજી હાથ બત્તીનો પણ ઉપયોગ કરવાની નોબત આવી હતી. હજુ કમોસમી માવઠાની અસર વર્તાતા ખેતીના પાકો જીરૂ, વરિયાળી, ઈસબગુલ, રાયડો, શાકભાજીમાં કોબીજ, ફુલાવર અન્ય શાકભાજી તેમજ આંબાનો મોરને નુકસાન થવાની દહેશત વર્તાઈ રહી છે. જ્યારે કમુરતા બાદ હવે લગનસરાની સીઝન ખુલતાં લગ્ન ઈચ્છકો ચિંતાતુર બન્યા છે. ખરાબ વાતાવરણને લીધે સરદી, ખાંસી, ઉધરસના દર્દીઓ માટે મુશ્કેલીરૂપ બનશે.

## ખૂણેખાંચરેથી

● જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમે આજે માણસા ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

● ગાંધીનગર શહેરમાં આજે સવારના ગાઢ ધુમ્મસ પછી આખો દિવસ ઠંડા પવનની લ્હેરખીઓથી શહેરીજનો કંપી ઉઠ્યા હતા.

● દહેગામના ધમીજ પાસે કારમાં આગ લાગતાં એક વ્યક્તીનું મોત થયુ છે.

● ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ ઓછુ જણાયુ હતુ.

● સ્માર્ટ સીટીને લઈ આજે એક વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી.

● ગાંધીનગર જિલ્લાના પોલીસતંત્રમાં પણ કોરોનાના કેસો નોંધાયા છે.

● રાજ્યના મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી પણ કોરોનાથી સંક્રમિત થયા છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એસ.ટી.ની સેવાઓ અનિયમિત બની હોવાની ફરિયાદો ઉઠી છે.

● સે. ૧૨માં સંક્રણ વધતા નર્સીંગના વિદ્યાર્થીઓને હવે ઓનલાઈન શિક્ષણ આપવાનો નીર્ણિય લેવાયો છે.

## વાવોલ સહજાનંદ સ્કાયલાઈનની સાઈડ ઓફિસમાં રૂ.૭૪ હજારની ચોરી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર વાવોલ સહજાનંદ સ્કાયલાઈન સોસાયટીની સાઈડ ઓફિસની પાછળ આવેલી બારી ખોલી અંદર પ્રવેશ કરી તસ્કરોએ ઓફિસમાં રહેલી રૂ.૭૪ હજારની વિવિધ ચીજવસ્તુઓની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાવોલ નારાયણ નગર મકાન નં.૪૬ ખાતે રહેતા વિકાસ વિષ્ણુભાઈ પ્રજાપતિ પોતાના પરિવાર સાથે રહે છે. જયારે વિકાસ વાવોલ ગામની સીમ સર્વે નં. ૩૫૪,૩૫૮-૧૧ માં નવ નિર્મિત બાંધકામ સાઈડ સહજાનંદ સ્કાયલાઈન સોસાયટીની સાઈડ ખાતે છેલ્લા ત્રણ વર્ષથી સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. ત્યારે વિકાસ ઘરે હાજર હતો તે સમયે સાઈડ ઓફિસમાં સફાઈ કામ કરતા કર્મચારીએ ફોન કરીને જણાવ્યું હતું કે હું તેમજ મારી પત્ની સ્કાય લાઈન સોસાયટીની સાઈડ ઉપર સાફ સફાઈ માટે સવારના આવ્યા હતા તે સમયે ઓફિસમાં રાત્રી દરમિયાન કોઈ આવ્યું હોવાનું જણાયું હતું. જેથી સફાઈ કર્મચારીએ અંદર પ્રવેશી જોયુ તો ઓફિસની પાછળની કાચની બારી ખુલ્લી હાલતમાં છે. જેથી વિકાસ તાત્કાલીક સાઈડ ઓફિસ પહોંચતા અન્ય સુપરવાઈઝર પણ આવી ગયા હતા. જેથી તેઓને ઓફિસ અંગે પુછતા તેઓએ ગત તા.૧૯ ના રોજ રાત્રીના ૯ વાગે ઓફિસ બંધ કરી હોવાનું જણાવ્યું હતું. ત્યારપછી ઓફિસમાં ચેક કરતા નીલકંઠ સ્વામીનારાયણ ભગવાનની મૂર્તિ પિત્તળની નંગ-૧ કિં.૧૪,૦૦૦, ૫૦ ઈંચની બ્લેક કલરની ટીવી નંગ-૨ કિં.૫૦,૦૦૦ તેમજ એક મોબાઈલ કિં.૧૦ હજાર મળી કુલ રૂ.૭૪ હજારની વિવિધ ચીજવસ્તુઓ ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ ગયા હતા.બનાવ અંગે સેકટર-૭ પોલીસ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## "સાહેબ તો ગામડે ગયાં છે" : કોરોના પોઝિટિવ અધિકારી માટે નવો ટ્રેન્ડ

### સરકારી કચેરીઓમાં પણ સંક્રમણને પગલે ૫૦ ટકા સ્ટાફ સાથે કાર્ય કરવાની એસઓપી જાહેર કરવામાં આવી હોય તેવી સ્થિતિ

ગાંધીનગર તા.૨૧

રાજ્યભરમાં કોરોના સંક્રમણને ત્રીજી લહેરને પગલે કોવિડ પોઝિટિવ કેસોની સંખ્યામાં વિસ્ફોટ થવા પામ્યો છે જેની સીધી અસર પાટનગર સ્થિત સચિવાલયની સરકારી કચેરીઓમાં પણ દેખાઈ રહી છે. સરકારી કચેરીઓમાં ઘણા બધા અધિકારીઓ પણ સંક્રમિત હોવાને પગલે હોમ આઈસોલેશનમાં હોવાથી ઓફિસમાં તેમની ગેરહાજરી બાબતે કોઈ મુલાકાતે આવીને પૂછે તો જવાબમાં "સાહેબ તો ગામડે ગયાં છે" કહેવાનો નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

સચિવાલયમાં ત્યારે મોટા ભાગની સરકારી કચેરીઓમાં અનેક અધિકારીઓ તથા કર્મચારીઓ સંક્રમિત થયા હોવાને કારણે જાણે ઓફિસમાં ૫૦ ટકા સ્ટાફ સાથે કાર્ય કરવાની એસઓપી જાહેર કરવામાં આવી હોય તેવી સ્થિતિ દેખાઈ રહી છે. આ ત્રીજી લહેરમાં મોટે ભાગે દર્દી ત્રણથી ચાર દિવસમાં સાજા થઈ જ જતાં હોવાથી અત્યારે કોઈ સરકારી અધિકારી જો કોરોના સંક્રમણને કારણે હોમ આઈસોલેશનમાં હોવાથી ઓફિસમાં હાજર ના હોય ત્યારે તેમના સ્ટાફ દ્વારા "સાહેબ તો ગામડે ગયાં છે, ત્રણ ચાર દિવસે આવશે" જેવું કહેવાનો નવો રિવાજ જોવા મળી રહ્યો છે. આનું કારણ જે હોય તે પણ આ જવાબમાં ઓથા તળે અધિકારીના કોરોના પોઝિટિવ હોવાની વાતને છુપાવવાનો એક આડકતરો પ્રયાસ કરાતો હોવાનું અનુભવાઈ રહ્યું છે.

## હંમેશા સરકારની સાથે છું, પક્ષ જે જવાબદારી સોંપશે તે નિભાવીશ : લીલાબેન અંકોલિયા

### લીલાબેન અંકોલિયાની શ્રી સદાફલદેવ વિહંગમ્ યોગ સંસ્થાનના માતૃશક્તિ સંગઠનના પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્તિ



ગાંધીનગર, તા.૨૧

ગુજરાત રાજય મહિલા આયોગના ચેરમેન પદેથી રાજીનામું આપનાર લીલાબેન અંકોલિયાની શ્રી સદાફલદેવ વિહંગમ્ યોગ સંસ્થાનના માતૃશક્તિ સંગઠનના પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્તિની જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રસંગે મહિલા આયોગના ચેરમેન પદેથી આપેલા રાજીનામાં અંગે લીલાબેન અંકોલિયાએ જણાવ્યું હતું કે 'હું ૧૩ વર્ષના લાંબા ગાળાથી આયોગ સાથે જોડાયેલી હતી, મેં ચેરમેન તરીકે ચાર ટર્મ પુરી કરી છે. હું હંમેશા સરકારની સાથે છુંઅને પક્ષ જે જવાબદારી સોંપશે તે નિભાવીશ.'

શ્રી સદાફલદેવ વિહંગમ્ યોગ સંસ્થાનના રાષ્ટ્રીય સંત રામવૃક્ષદાસજી મહારાજે આજે ગાંધીનગર ખાતે જણાવ્યું હતું કે 'આગામી તા.૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિન નિમિત્તે નવસારી પાસેના વાસંદા ખાતેના સંસ્થાના આશ્રમે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ખાસ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીમાં સદગુરુ સદાફલ દેવ પ્રેરિત ખાસ ધ્યાન યોગ સાધના દ્વારા તણાવમુક્તિનું આયોજન કરવામાં આવ્યું છે.' શ્રી સદાફલદેવ વિહંગમ્ યોગ સંસ્થાનના નવનિયુક્ત માતૃશક્તિ સંગઠનના પ્રદેશ અધ્યક્ષ લીલાબેન અંકોલિયાએ જણાવ્યું હતું કે, 'સદગુરુ સદાફલ દેવે સ્વતંત્રતા ચળવળમાં અસહકાર આંદોલનની સૌથી પહેલી શરુઆત કરાવી દેશના આઝાદી આંદોલનમાં યોગદાન આપ્યું હતું. તેમણે રચિત પર સ્વર્વેદનો વિશ્વમાં પ્રચાર થઈ રહ્યો છે. હું ઘણા સમયથી વિહંગમ યોગ સંસ્થાન સાથે જોડાયેલી છું અને હવે મને સંસ્થાના ગુજરાત રાજયના માતૃશક્તિ સંગઠનની અધ્યક્ષ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. સદગુરુ પ્રેરિત યોગ સાધનાથી મનની શાંતિ અને પૉઝિટિવ એનર્જી મળે છે.'

## કૃષિમંત્રી સાથેની બેઠકમાં કિસાન સંઘે ખેડૂતલક્ષી સૂચનો કર્યા

ગાંધીનગર, તા. ૨૧

રાજયના ખેડૂતોના અનેકવિધ પ્રશ્નોને લઈને ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવતી હોય છે. આવી રજૂઆતો ધ્યાને લઈ ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ હેતુ તા. ૧૯મી જાન્યુઆરીના રોજ કૃષિમંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં ભારતીય કિસાન સંઘ દ્વારા રજૂ કરવામાં આવેલ ૨૬ જેટલા મુદ્દાઓ પરત્વે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ભારતીય કિસાન સંઘ દ્વારા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સંચાલિત આઈ ખેડૂત પોર્ટલ બાબતે રજૂઆતો કરવામાં આવેલ હતી. આ રજૂઆતોને મુખ્ય સૂર ખેડૂતો માટે આઈ ખેડૂત પોર્ટલ વધુ સરળ બનાવવા ઉપરાંત જરૂરી માહિતી આઈ ખેડૂત પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવા તેમજ સમયાંતરે અપડેટ કરવા અંગેની હતી. આઈ ખેડૂત પોર્ટલ પર યોજનાકીય માહિતી સરળ ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરાવવા ઓનલાઈન અરજીઓની પ્રક્રિયા સરળ કરવા, જિલ્લાવાર યોજનાકીય બચતની વિગતો ઉપલબ્ધ કરાવવા, ફળ નર્સરીઓના રોપાઓની વિગતો ઉપલબ્ધ કરાવવા, સીડ ફાર્મ જમીન ચકાસણી લેબની વિગતો આઈ ખેડૂત પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવા તેમજ અનુ. જાતિ તથા અનુ. જનજાતિના ખેડૂતો માટે આઈ ખેડૂત પોર્ટલ કોઈપણ મર્યાદા વિના ખુલ્લુ રાખવા જેવી માંગણીઓનો રાજ્ય સરકાર દ્વારા સ્વીકાર કરીને હકારાત્મક પ્રતિભાવ આપવામાં આવ્યો. જે પરત્વે ભારતીય કિસાન સંઘ દ્વારા રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં રાજ્યકક્ષાના કૃષિમંત્રી મુકેશભાઈ પટેલ, કૃષિ અગ્ર સચિવ મનિષભાઈ ભારદ્વાજ, ખેતિ નિયામક તથા અન્ય સંબંધિત અધિકારીઓ હાજર રહ્યા હતા અને કિસાન સંઘ તરફથી રાષ્ટ્રીય કારોબારી સભ્ય મગનભાઈ પટેલ, પૂર્વ પ્રદેશ અધ્યક્ષ વિઠ્ઠલભાઈ દુધાત્રા, પ્રદેશ પ્રમુખ જગમાલભાઈ આર્ય, પ્રદેશ મહામંત્રી આર.કે.પટેલ તથા પ્રદેશ અગ્રણી ભિખાભાઈ પટેલ હાજર રહ્યા હતા.

## અંબાપુર સ્વામીનારાયણ ફાર્મ પાસેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૧

અડાલજ અંબાપુર માર્ગ પર સ્વામીનારાયણ ફાર્મની આગળ ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલા હોન્ડા સાઈન બાઈકની ચોરી થવા પામી છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે રૂ.૧૦ હજારના બાઈક ચોરીની ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ તેજ કરી છે.


સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ઠક્કરબાપાનગર રાજદીપ એપાર્ટમેન્ટ એફ-૧૦ ખાતે રહેતા જતીન કિશોરભાઈ ડોબરીયા પરિવાર સાથે રહે છે અને ટાટા સ્કાય ડીશ કંપનીમાં ફરજ બજાવે છે. તે પોતાના ઉપયોગ માટે હોન્ડા સાઈન બાઈક નં. જી.જે.૦૧.જે.એક્સ-૭૯૬૦ નો ઉપયોગ કરે છે. ગત તા.૧૯ ના રોજ મોટેરા થી બાઈક લઈ કુડાસણ તરફ ડીશ સર્વિસ માટે નીકળ્યો હતો. તે સમયે અડાલજ અન્નપૂર્ણા મંદિર પાસે આવતા બાઈક બંધ થઈ ગયું હતું. જેથી બાઈક સ્વામીનારાયણ ફાર્મની બહાર પાર્ક કરી હું કુડાસણ જઈ કામ પૂર્ણ કરી અમદાવાદ જતો રહ્યો હતો. ત્યારબાદ તા.૨૦ ના રોજ બપોરના ૨ વાગે બાઈક પાર્ક કર્યું હતું તે સ્થળ પર જતા બાઈક ન હતું.જેથી યુવકે આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ કરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## કલોલ લક્ષ્મીપુરા પાટીયા પાસેથી ડફેર ઝડપાયો



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર એલસીબી-૨ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે સાથે રહેલા પોલીસ કોન્સ્ટેબલ રવિન્દ્રસિંહ વનરાજસિંહને બાતમી મળી હતી કે કલોલ થી પલસાણા તરફ જતા માર્ગ પર લક્ષ્મીપુરા પાટીયા નજીક ઝાડીઓ નજીકથી એલસીબી-૨ પોલીસે બદરૂ અલ્લારખા ખારી (સિંધી-ડફેર ઉં.૪૩, રહે. રામાપીરની જગ્યા પાડાણા ગામ-ધંધુકા, જી.અમદાવાદ) પાસેથી પાસ પરમીટ વિનાની દેશી બનાવટની સિંગલ બેરલની બંદુક (અગ્નિશસ્ત્ર) કિં.૩,૦૦૦ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અનુજ્ઞા અન્વયે હાલના કોરોના મહામારીમાં સંજોગોને ધ્યાનમાં રાખીને દિવ્ય શાકોત્સવની વર્ચ્યુઅલ ઉજવણી કરાઈ હતી જેનાં દર્શન હરિભકતોએ ઓન લાઈન કર્યા હતા. શ્રી સ્વામિનારાયણ ભગવાન સમક્ષ વિવિધ પ્રકારની વાનગીઓના અન્નકૂટના દર્શન પણ નિહાળવામાં આવ્યાં હતાં.

# સે-પમાં જાહેર સાફ-સફાઈમાં બેદરકારીની વધતી ફરિયાદો

### આ સાથે સેક્ટરમાં ઉભરાતી ગટરો અને કોરોના પોઝિટિવ દર્દીઓને સુવિધા બાબતે પણ ઉપેક્ષા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર વિસ્તારમાં જાહેર સાફસફાઈ બાબતે બેદરકારીની ફરિયાદો સતત ઉઠવા પામી રહી છે. એક તરફ જયારે કોરોના મહામારી હાહાકાર મચાવી રહી છે ત્યારે શહેરમાં જાહેર સાફસફાઈમાં લાલિયાવાડી નાગરિકોના સ્વાસ્થ્ય બાબતે બેદરકારી ચિંતાનો વિષય બની રહી છે. શહેરના સેકટર-પમાં વસાહતના રહેણાંક વિસ્તારમાં સાફસફાઈ કરવામાં આવતી નથી જેને કારણે સેકટરમાં કચરાના ઢગલા ખડકાયાં છે.



અત્યારે દિનપ્રતિદિન કોરોનાની મહામારી વધતી જાયછે અને વસાહતીઓ સંક્રમિત થતા જાય છે જયારે સેકટરમાં સેનેટરાઈઝર કે જંતુનાશક દવાઓનો છંટકાવ પણ કરવામાં આવતો નથી. આ ઉપરાંત સેકટરમાં કેટલાક વિસ્તારોમાં ગટરો ઉભરાઈ રહી છે જે બાબતે સેકટર-૩માં સુવિધા કેન્દ્ર ખાતે વારંવાર વસાહતીઓ દ્વારા લેખિત ફરિયાદો કરવા છતાં પણ કોઈ કામગીરી થતી નથી અને ગટર ઉભરાવાથી ગંદકી દુર્ગંધથી વસાહતીઓ ત્રાહિમામ્ પોકારી ગયાં છે. આ સાથે સેક્ટર-૫ વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું છે કે "સેક્ટર-પમાં જે દર્દીઓ કોરોના સંક્રમિત થવાથી પોતાના ઘરે હોમ આઈસોલેશન થયેલા છે, જે સંક્રમિત વસાહતી દરદીઓએ પોતાનો કોરોનાનો ટેસ્ટ ખાનગી લેબોરેટરીમાં કરાવીને તે પોઝિટિવ આવતાં તેઓ હોમ આઈસોલેશન થયાં છે અને તેઓના ટેસ્ટ રીપોર્ટ સરકારી તંત્ર આરોગ્ય વિભાગમાં ગયાં હોવા છતાં મહાનગર પાલિકા આરોગ્ય કેન્દ્ર દ્વારા આ દર્દીઓના ઘરે કોઈ મેડિકલ તપાસ કરાતી નથી.

### સે.પમાં જાહેરમાં કચરો બાળવાની ઘટના

ગાંધીનગર શહેરમાં વારંવાર જાહેરમાં કચરો બાળવા બાબતે તંત્ર દ્વારા અનેક ચેતવણી ઉચ્ચારવામાં આવી છે તેમજ તે અંગે કડક નિયમો પણ જાહેર કરવામાં આવેલાં છે. જાહેરમાં કચરો બાળવાથી પર્યાવરણને થતા નુકસાન અંગે નાગરિકોને જાગૃત કરવાનું કાર્ય પણ કરવામાં આવે છે આમ છતાં શહેરમાં વારંવાર જાહેરમાં કચરો બાળવાની ઘટના સર્જાતી રહે છે. આવી જાહેરમાં કચરો બાળવાની ઘટના શહેરના સેક્ટર-પમાં બનવા પામી છે. સેક્ટર-૫ વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું છે કે "સેકટર-૫ ફક્ત જાહેર રીંગરોડ પર કચરો વાળીને કચરાની ગાડીમાં લઈ જવાને બદલે સળગાવવામાં આવે છે.


## ફોરેન્સિક સાઈકોલોજી ગુનાની તપાસ અને ગુના અટકાવવામાં અત્યંત ઉપયોગી : ડૉ. જે. એમ. વ્યાસ

### 'એક્સપાન્ડિંગ હોરાઈઝન્સ ઓફ ફોરેન્સિક સાઈકોલોજી' વિષય ઉપર વર્ચ્યૂઅલ માધ્યમથી પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

૧૨મા "ફોરેન્સિક સાઈકોલોજી દિન"ની ઉજવણીના ભાગરૂપે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર ખાતે 'એક્સપાન્ડિંગ હોરાઈઝન્સ ઓફ ફોરેન્સિક સાઈકોલોજી' વિષય ઉપર વર્ચ્યૂઅલ માધ્યમથી પરિસંવાદ ૨૧મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ યોજાયો હતો. જેમાં, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગરના કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસે અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું.

આ પરિસંવાદમાં જાણીતા વક્તા, ન્યાયાધીશ મેલ ફ્લેનેગન, પૂર્વ સર્કિટ જજ અને એજક્ટ પ્રોફેસર, વિસ્કોન્સિન યુનિવર્સિટી, યુએસએ દ્વારા 'ઈમ્પ્લિસિટ બાયસ એન્ડ ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન' વિષય ઉપર વકતવ્ય આપ્યું હતું. જયારે પ્રતિષ્ઠિત વક્તા, ડૉ. હેન્સ લીઓ




ટ્યુલિંગ્સ, સીઈઓ, ન્યુરોસ્ક્રિપ્ટ, યુએસએ દ્વારા 'ફોરેન્સિક સાયકોલોજિકલ પ્રોફાઈલિંગ યુઝિંગ હેન્ડરાઈટિંગ મુવમેન્ટ' વિષય ઉપર તજજ્ઞીય વિચારો રજૂ થયા હતા.

ડૉ. જે. એમ. વ્યાસે અધ્યક્ષીય વક્તવ્યમાં જણાવ્યું કે ફોરેન્સિક સાઈકોલોજી ગુનાની તપાસ અને ગુનાને અટકાવવામાં ખૂબ જ ઉપયોગી છે. ફોરેન્સિક સાઈકોલોજિકલ મેથડ્સ દ્વારા માત્ર ગુનેગારોની ઓળખ જ નથી થતી, પરંતુ નિર્દોષ વ્યક્તિને પણ સજામાંથી બચાવી શકાય છે. માટે જ કાયદા અમલીકરણ એજન્સી(લો એન્ફોર્સમેન્ટ એજન્સી) દ્વારા ગુનાની તપાસ અને શોધમાં ફોરેન્સિક સાઈકોલોજિકલ મેથડ્સનો નિયમિતપણે ઉપયોગ કરવામાં આવે છે.

ડો. જે. એમ. વ્યાસે વધુમાં જણાવ્યું હતું કે NFSU દ્વારા આ વર્ષે ૧૨મા ફોરેન્સિક સાયકોલોજી દિનની ઉજવણી થઈ રહી છે. NFSUએ અત્યાર સુધીમાં ૭૦ થી વધુ દેશોના કાયદા અમલીકરણ અધિકારીઓને વિવિધ ફોરેન્સિક સાઈકોલોજિકલ પદ્ધતિઓની તાલીમ આપી છે. મનોવિજ્ઞાનની આ શાખામાં, ક્લિનિકલ સાયકોલોજીનો ઉપયોગ ગુનેગારોના પુનર્વસન માટે પણ થાય છે. જ્યારે ફોરેન્સિક સાયકોલોજીનો ઉપયોગ મુખ્યત્વે ગુનાની તપાસ અને ગુના નિવારણ માટે થાય છે.